# સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ શ્રેષ્ઠ ભારતનો મંત્ર ચરિતાર્થ કરશે

## સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યરંભના વર્કઓર્ડર એલ એન્ડ ટીને આપવાનો ગૌરવશાળી સમારોહ : આનંદીબેન ઉપસ્થિત

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી આનંદીબેન સરદાર સરોવર બંધના નિર્માણ સ્થળે આકાર પામનારી સરદાર સાહેબની વિશ્વની વિરાટતમ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી આ પ્રસંગના રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ ડો. વરેશ સિંહા, સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ એસએસ રાઠોર અને વરિષ્ઠ સચિવો તથા સરદાર સ્મારક બની રહેશે તેવી નેમ વ્યક્ત કરતા કહ્યું કે, એલ એન્ડ ટી જેવી વિશ્વ વિખ્યાત નિર્માણ કંપની વર્કઓર્ડર મળ્યાના ૪૨ માસમાં પ્રતિમાનું નિર્માણ કાર્ય પૂર્ણ કરશે.



સમગ્રતયા ૨૯૮૯ કરોડ રૂપિયાના ખર્ચે આકાર પામનારો આ પ્રોજેક્ટ નર્મદા બંધના નિર્માણ સ્થળ કેવડિયામાં સાધુ બેટ ખાતે હાથ ધરાશે. મુખ્યમંત્રીએ સરદાર સાહેબની પ્રતિમાનો આ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ કેવડિયા સહિત નર્મદા જિલ્લાના આદિજાતિ વિસ્તારમાં કૃષિ, જળ વ્યવસ્થાપન, સરદાર સાહેબના જીવન કવન પર

સમગ્ર વિશ્વમાં એકતા અખંડિતા સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતનો મંત ચરિતાર્થ કરનારું સ્મારક બની રહેશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવાના વર્કઓર્ડર લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને અર્પણ કરવાનો ગૌરવશાળી સમારોહ આજે ગાંધીનગરમાં આનંદીબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના સભ્ય-અધિકારીઓ પણ સાક્ષી બન્યા હતા. મુખ્યમંત્રીએ લોહપુરુષ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાને વડાપ્રધાન મોદીના એક ભારતશ્રેષ્ઠ ભારતના નિર્માણ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં સિમાચિન્હરૂપ પગલું ગણાવ્યું હતું.

આનંદીબેને આ વિરાટત્તમ પ્રતિમા રાષ્ટ્ર ચેતના જગાવનારુ શોધસંશોધન અને પ્રવાસન આકર્ષણ કેન્દ્ર સગવડતાઓ સાથે સ્થાનિક યુવારોજગાર નિર્માણ અને સમગ્ર વિસ્તારના સર્વગ્રાહી વિકાસનો પ્રોજેક્ટ બની રહેશે તેની વિસ્તૃત વિગતો આપી હતી. આનંદીબેને ૨૦૧૮માં આ પ્રોજેક્ટ અને સ્ટેચ્યુ પૂર્ણ થતાં પ્રતિવર્ષ ૨૫ લાખ પ્રવાસીઓ માટે પ્રવાસન સહિત રાષ્ટ્રીય ચેતનાનું સ્મારક આ ધામ બનશે.



આનંદનો ગરબો - જયઅંબે પરિવારના રજયજયંતિ મહોત્સવના પ્રારંભ માતાજીના ગુણાનુવાદ માટે આનંદના ગરબાનું આયોજન કરાયું હતું... સેંકડો બહેનોએ સાથે મળી માતાજીના ગુણગાન ગાયા હતા...

# સ્ટેશન વિસ્તારની આસપાસ ફાઈવ સ્ટાર હોટલ બનાવવા ગતિવિધિ આરંભાઈ

## મુંબઈની ટીમે દિવાળી દરમિયાન સર્વે હાથ ધર્યો નવી ટ્રેઈનો ફાળવવા પણ તંત્ર હરકતમાં આવ્યું હોવાની સંભાવના

ગાંધીનગર, તા.૨૭

કેપીટલ સ્ટેશનના વિસ્તારમાં દિવાળી દરમિયાન મુંબઈ રેલવેની ટીમે સર્વે હાથ ધર્યો હતો. અગાઉ પણ મુંબઈ રેલવેના અધિકારીઓએ સ્ટેશન પર ટ્રેક તેમજ આપાસની જગ્યાનો અભ્યાસ કર્યો હતો. ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા ઉપરાંત મહાત્મા મંદિરને અનુલક્ષી મહાનુભાવોના રોકાણ માટે સ્ટેશન આસપાસના વિસ્તારમાં ફાઈવ સ્ટાર હોટલ બનાવવા પણ ગતિવિધિઓ હાથ ધરાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનું આંધણ કરાયા બાદ પણ સ્ટેશન પર યાત્રિકો લક્ષી જરુરી સુવિધાઓ ઉભી કરી શકાઈ નથી. આયોજનના અંતે વર્ષો વીત્યા બાદ પણ સ્ટેશન પર કોચ ઈન્ડીકેટ, પબ્લીક

● અનુસંધાન પાન-૫ પર

# મહાદેવપુરા પાટીયા પાસે મોડી રાત્રે અજાણ્યા ટ્રેલરની ટક્કરે રીક્ષાચાલકનું મોત

## મોડી રાત્રે રીક્ષા બંધ થતા ચાલક બહાર નીકળી રીક્ષાને ધકેલી રહ્યો હતો ત્યારે પાછળથી આવેલ ટ્રેલરે અકસ્માત સર્જ્યો હતો

ગાંધીનગર, તા. ૨૭

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર મહાદેવપુરા પાટીયા પાસે ગત મોડી રાત્રે બંધ રીક્ષાને ધક્કો મારતા રીક્ષા ચાલક અને રીક્ષાને ટ્રેલરે જોરદાર ટક્કર મારી હતી. આથી ગંભીર અકસ્માત સર્જાતા તલોદના રીક્ષાચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા હિંમતનગર હાઈવે પર મહાદેવપુરા પાટીયા પાસેથી તલોદના રીક્ષાચાલક સાહિલ કાળીદાસ મીરની રીક્ષા નં. જીજે-૮-એક્સ-૮૩૩૫ લઈ પસાર થઈ રહ્યો હતો. જ્યાં અચાનક જ મોડી રાત્રે રીક્ષા બંધ થઈ જતા ચાલક સાહિલે બંધ રીક્ષાને બહાર નીકળી બાજુની તરફથી ધક્કો મારતો હતો. બસ આજ અરસામાં નેશનલ હાઈ-વે પરથી પુરપાટઝડપે પસાર થતા ટ્રેલરના ચાલકે રીક્ષા અને તેના ચાલકને જોરદાર ટક્કર મારતા રીક્ષા અને તેનો ચાલક માર્ગની બાજુમાં ફંગોળાઈ ગયા હતા. રીક્ષા ચાલકને શરીરના ભાગે લોહીયાળ ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ. જ્યારે ટ્રેલરનો ચાલક અકસ્માત સર્જી ટ્રેલર લઈ નાશી છુટ્યો હતો. મોડી રાત્રે ઘટેલી આ અકસ્માતની ઘટના અંગે હરસોલના યુવાન સચિન પ્રવિણભાઈ પંડ્યાને થતા તેને તુરંત ચિલોડા પોલીસ મથકમાં જાણ કરી હતી. જેથી ચિલોડા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માત અંગે હીરાજી ખાંટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.































